## જન્મદિને વધામણી



હિતેન્દ્ર પુરોહિત
મો. ૯૯૨૪૪ ૧૧૯૦૮



દિનેશભાઈ જી. ચૌધરી
પૂર્વ પ્રમુખ ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ



પર્વ અંકિત પંડ્યા

# એફ એન્ડ આઈ ફેશન શોમાં ૨૦૦થી વધુ નવા ડિઝાઈન્સ લોન્ચ



ગાંધીનગર, તા.૩૦

આઈએનઆઈએફડી ગાંધીનગર દ્વારા તેમના વિદ્યાર્થીઓ દ્વારા બનાવેલ અદભૂત ડિઝાઈન્સ લોકો સુધી પહોંચાડવાના હેતુસર એફ એન્ડ આઈ ફેશન શો-૨૦૧૮નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અવનવા ૨૦૦થી વધુ ડિઝાઈન્સ ફેશન શો થકી પ્રદર્શિત કરવામાં આવ્યા અને લેકમી ફેશન વીકની મોડેલ્સ દ્વારા રેમ્પવોક કરાયું હતું. જેમણે ત્યાં ઉપસ્થિત દરેક લોકોનું મન જીતી લીધું હતું. આ ફેશન શોમાં ભારતીય એક્ટ્રેસ અને અને મોડેલ ભક્તિ કુબાવત, માનસી મોઘે અને આઈએનઆઈએફડીના સીઈઓ શ્રી અનિલ ખોસલા પણ ઉપસ્થિત રહ્યા હતા.

આઈએનઆઈએફડી ગાંધીનગરના ડિરેક્ટર વિશાલ મકવાણા એ જણાવ્યું કે "અમારા માટે ખુબ જ ગૌરવની વાત છે કે અમારા વિદ્યાર્થીઓ એ બનાવેલ ડિઝાઈન્સ લોકોને ખુબ જ પસંદ આવ્યા છે અને આજે ૨૦૦થી વધુ નવા ડિઝાઈન્સ રજુ કરાયા છે. અમારો આ પ્રકાર ના ફેશન શો કરવાનું મુખ્ય હેતુ એજ છે કે વિદ્યાર્થીઓના બનાવેલ ડિઝાઈન્સને એક મંચ મળી રહે જેથી લોકોના પ્રતિસાદ થકી તેમનામાં વધુ સારું કરવાની પ્રેરણા આવે. આજના આ ફેશન શોમાં ૨૦થી વધુ લેકમી ફેશન વીક ની મોડેલ્સની થીમ અને ૧૦ થી વધુ કિડ્સ મોડેલની થીમ છે જેમાં કોર્પોરેટ કોલર એન્ડ સ્ટાઈલિશ કોલર, સ્મોકિંગ ઈફેક્ટ, બર્ડ થીમ, એથનિક, ઈન્ટર વુવન, બ્લૂઝ થીમ, પીકોક કલેક્શન, મોમ એન્ડ મી, બંદગી જેવી અનેક થીમ પર આ ફેશન શો યોજવામાં આવ્યું હતું."

વધુમાં તેમણે જણાવ્યું કે "ફેશન ઈન્ડસ્ટ્રી બહારથી જેટલી ગ્લેમરસ દેખાય છે અંદરથી તેની પાછળ સખત મહેનત, ક્રિએટિવિટી અને પરિશ્રમ રહેલ છે. આ ઈન્ડસ્ટ્રીમાં જો સારી રીતે મહેનત કરવામાં આવે તો જીવનમાં ખુબજ વધારે પ્રગતિ મેળવી શકાય છે. અમે આવનારા સમયમાં એવી ઘણી પ્રવૃત્તિઓ કરીશું જેનાથી લોકોમાં ફેશનના નવા ટ્રેન્ડ વિષે જાગૃતતા આવે અને લોકોને સમજ આપીશું કે અલગ અલગ કાર્યક્રમ, સેલિબ્રેશન, સીઝન્સમાં કયા પ્રકારના વસ્ત્રો પહેરવા જોઈએ. હું આઈએનઆઈએફડી ગાંધીનગરના વિદ્યાર્થીઓનો ખુબજ આભારી છું કે તેમણે આટલી મહેનતથી આટલું સારું કલેક્શન બનાવ્યું અને મને આશા છે કે આવનારા સમયમાં પણ અમે આ ફેશન ઈન્ડસ્ટ્રીને આવા જ બાળકો અને ડિઝાઈન્સ આપીશું."

# ઉનાવા ખાતે આયુષ્યમાન ભારત દિનની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૩૦

ગ્રામ સ્વરાજ અભિયાન અંતર્ગત આયુષ્યમાન ભારત દિવસની ઉજવણી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ઉનાવા ખાતે કરવામાં આવી હતી. આ પ્રસંગે અધ્યક્ષ સ્થાનેથી સંબોધતા સાંસદ શ્રી શંભુપ્રસાદ ટુડિયાએ જણાવયું હતું કે, દેશના લાખો ગરીબો માટે નેશનલ હેલ્થ પ્રોટેકશન મશીનની આરોગ્યલક્ષી યોજના ગરીબો માટે ખૂબ જ લાભદાયી છે. આ યોજના હેઠળ રૂપિયા ૫ લાખની કેશલેશ પોલીસી વાળી મેડિકલ સેવાનો લાભ મળનાર છે. ત્યારે ગાંધીનગર જિલ્લાના ૫૬,૮૭૪ કુટુંબોને આ યોજના હેઠળ આવરી લઈ તેના લાભો મળનાર છે. તો તમામ લાભાર્થીઓને આ યોજનાનો લાભ લેવા અપીલ કરી હતી. યોજનાની વિસ્તૃત માહિતી આપી આ યોજનાના ફોર્મનું વિતરણ કરવામાં આવ્યું હતું.



આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી શ્રી હિતેષ કોયાએ આયુષ્યમાન ભારત ઉજવણીના કાર્યક્રમની વિસ્તૃત માહિતી આપી હતી. આ પ્રસંગે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડૉ. મનુભાઇ સોલંકી, પ્રાંત અધિકારી શ્રી ઋતુરાજ દેસાઇ સહિત આરોગ્ય વિભાગના સ્થાનિક અધિકારીઓ, કર્મચારીઓ અને લાભાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે મેડિકલ કેમ્પનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

# ગાંધીનગરની શાળાઓનાં પરિણામ

**સરસ્વતી વિદ્યાલય**
**સેક્ટર-૬**
**જુનિયર કે.જી.**
૧ ઠાકોર આચાર્ય વિજયભ્મી
૨ સોલંકી ધ્રુવીશા રાજેશભ્મી
૩ ચરપોટ કિંજલ જયેશભ્મી
**સીનીયર કે.જી.**
૧ મહીડા કાવ્યા પારસિંગ
૨ પઠાણ નિહાલ અલીપારખાન
૩ ગોસ્વામી હીર કમલેશગીરી
**ધોરણ-૧**
૧ પરમાર નવ્યા મહેન્દ્રભાઈ
૨ બારોટ કર્તવ્ય ચેતનભાઈ
૩ દવે દિયા યજ્ઞેશભાઈ
**ધોરણ-૨**
૧ પ્રજપતિ જિયા દિનેશભાઈ
૨ ચૌહાણ મોક્ષ પ્રકાશભાઈ
૩ મન્સુરી રેહાન અલ્તાફભાઈ
**ધોરણ-૩**
૧ ઠાકોર મિત્તલ વિજયકુમાર
૨ પ્રજાપતિ વેદ યોગેશકુમાર
૩ પ્રજાપતિ વંસ યોગેશકુમાર
૪ પરમાર મોહિત મનીષભાઈ
**ધોરણ-૪**
૧ સોલંકી હેતાંશી રાજેશભાઈ
૨ આચાર્યા દેવાંશી ધર્મેન્દ્રકુમાર
૩ ચારેલ અંકિત અરવિંદભાઈ
**ધોરણ-૫**
૧ પરમાર જીનલ રશ્મીકાંત
૨ ડામોર જીનલ વિનોદભાઈ
૩ દરજી કિષ્ના દિનેશભાઈ
**ધોરણ-૬**
૧ ચારેલ મોનલ અરવિંદભાઈ
૨ ઠાકોર રાજેશ મનુજી
૩ મન્સુરી આઈના આઈ
**ધોરણ-૭**
૧ મન્સુરી આશિયાના એ
૨ ચોલવીયા રીન્કુ અશ્વિનભાઈ
૩ પરમાર મિતેષ નાગજીભાઈ
**ધોરણ-૮**
૧ રબારી જીનલ રમેશભાઈ
૨ સોલંકી એકતા રાકેશભાઈ
૩ બારોટ પ્રિયા મનીષકુમાર
**ધોરણ-૯**
૧ અસારી નિશાબેન તુષારભાઈ
૨ યાદવ જય હર્ષદભાઈ
૩ પ્રજાપતિ દેવ અમિતભાઈ
**ધોરણ-૧૧ (આર્ટ્સ)**
૧ અસારી કિંજલ તુષારભાઈ
૨ મન્સુરી આશિફ એ.
૩ મન્સુરી અસ્લમ ફિરોદભાઈ
૪ રાવળ સિદ્ધિ સુખદેવભાઈ
**ધોરણ-૧૧ (કોમર્સ)**
૧ બાકરોલીયા જીન્નત એમ.
૨ ચૌહાણ સંજના તખતસિંહ
૩ વાઘેલા સૂરપાલસિંહ આર.

**શ્રી સ્વામિનારાયણ પ્રાથમિક શાળા, ચિલોડા**
**જુનિયર કે.જી.**
૧ બારિયા લક્ષ્મી સરદારભાઈ
૨ ઠાકોર અંજલી અલ્પેશકુમાર
૩ મન્સુરી સોફિયા સિરાજભાઈ
**સીનીયર કે.જી.**
૧ ઠાકોર ખુશીબેન રાકેશકુમાર
૨ ઠાકોર સુજલબેન ચેતનકુમાર
૩ પ્રજાપતિ યોગ શૈલેષકુમાર
**ધોરણ-૧**
૧ સોલંકી નિરવ સંદિપકુમાર
૨ શર્મા નીલ ભીખાભાઈ
૩ પરમાર ક્રિશ કાંતિભાઈ
**ધોરણ-૨**
૧ ઠાકોર જાસ્મીન જિતેન્દ્રસિંહ
૨ રાણા ધ્રુવપાલ જયેન્દ્રસિંહ
૩ રબારી ખુશી બાબુભાઈ
**ધોરણ-૩**
૧ રાવલ નૈતિક યક્ષેન્દ્રકુમાર
૨ રબારી ભગવાન ગોવિંદભાઈ
૩ પટેલ દેવાંશી નિલેષભાઈ
**ધોરણ-૪**
૧ પ્રજાપતિ તિર્થ મહેશકુમાર
૨ પ્રજાપતિ કૃપા ભરતભાઈ
૩ ઠાકોર મિત્તલ જશુજી
**ધોરણ-૫**
૧ ઝાલા રિયાબા નેપાલસિંહ
૨ પટેલ ચાર્મી અમિતકુમાર
૩ પટેલ નેન્સી સુનિલભાઈ
૪ સોલંકી જય અમરતભાઈ
**ધોરણ-૬**
૧ પટેલ રવિ તુષારકુમાર
૨ પ્રજાપતિ હેત ભરતભાઈ
૩ પટેલ સુજલ અમિતકુમાર
**ધોરણ-૭**
૧ પટેલ રિયાબેન સંજયભાઈ
૨ ગજ્જર ક્રિના રાજેશભાઈ
૩ પ્રજાપતિ અપેક્ષા શૈલેષભાઈ
**ધોરણ-૮**
૧ પટેલ પૂર્વ આશિષકુમાર
૨ ગજ્જર બ્રિતા હર્ષદભાઈ
૩ સોલંકી કલ્પના અમૃતભાઈ

**પ્રેરણા વિદ્યાલય**
**સેક્ટર-૫એ**
**જુનિયર કે.જી.**
૧ સડાત માર્ગી અનુપમભાઈ
૨ સાદરિયા અક્ષય આર
૩ કુમાદરા ઈચ્છા શૈલેષકુમાર
૩ સાકોડિયા કિયાન્સ એમ
**સીનીયર કે.જી.**
૧ પ્રજાપતિ હિતાંશી શૈલેષભાઈ
૨ પંચાલ માહી પ્રદિપકુમાર
૩ ધ્રાધેશા એંજલ રણજિતભાઈ
૩ ઠાકર આરોહી અજયભાઈ
**ધોરણ-૧**
૧ જોષી તક્ષ્ય અંકિતકુમાર
૨ ડિડોર ઉર્વી વાલસિંગભાઈ
૩ મિસ્ત્રી ધ્રુવી નિતિનકુમાર
**ધોરણ-૨**
૧ રાવળ શ્રેયા પ્રવિણભાઈ
૨ રાવલ કૃપા વામનભાઈ
૩ સોલંકી નિરાલી હરિશભાઈ
૩ ફકીર નાઝમીનબાબુ એ.
**ધોરણ-૩**
૧ વાઘેલા માહી પ્રતાપભાઈ
૨ શ્રીમાળી મૌલી હિરેનભાઈ
૩ દંતાણી હર્ષ સુરેશભાઈ
**ધોરણ-૪**
૧ પરમાર જન્મેષ ભાવેશભાઈ
૧ પટેલ ધ્રુવ રાકેશકુમાર
૨ પરમાર ઋષિકેશ મહેશભાઈ
૩ પરમાર તસ્વીર શિલ્પેશભાઈ
**ધોરણ-૫**
૧ દેસાઈ રુદ્રેશ હિતેશકુમાર
૨ ચૌધરી રિદ્ધિ સંદિપકુમાર
૩ રાવલ એશા કિર્તીકુમાર
**ધોરણ-૬**
૧ રાવલ ખુશી વામનકુમાર
૨ પરમાર સંજના ઘનશ્યામભાઈ
૩ સુથાર અશોક જીવાભાઈ
**ધોરણ-૭**
૧ ઠાકોર રેણુકા ઘનશ્યામભાઈ
૨ રાજપૂત પાયલબા લાલસિંહ
૩ મુનિયા ભાવિન લાલુભાઈ
**ધોરણ-૮**
૧ પ્રજાપતિ કિશોર જયેશભાઈ
૨ સોનારા દિયા મહેન્દ્રભાઈ
૩ શ્રીમાળી જૈતુન હર્ષદકુમાર
**ધોરણ-૯**
૧ દવે રુદ્ર તેજસભાઈ
૨ સુથાર માનસી વિનોદભાઈ
૩ પ્રજાપતિ મહિમા ભાવેશકુમાર
**ધોરણ-૧૧ (કોમર્સ)**
૧ ભરવાડ જયોત્સના મફાભાઈ
૨ ભરવાડ વિપુલ ભવાનભાઈ
૩ પરમાર હર્ષદ પ્રવિણભાઈ
**ધોરણ-૧૧ (આર્ટ્સ)**
૧ કુરેશ મારિયાબાનુ એ
૨ રુડાચ વિષ્ણુ છબુભાઈ
૩ ડાભી હેમાંગીની અજિતસિંહ

# શ્રી નૃસિંહ જયંતિ મહોત્સવની હરે કૃષ્ણ મંદિર ભાડજ ખાતે થયેલ ઉજવણી





ગાંધીનગર, તા. ૩૦

હરે કૃષ્ણ મંદિર,ભાડજ ખાતે તા. ૨૯ એપ્રિલ, ૨૦૧૮ ના રોજ નૃસિહં ભગવાનના થયેલ પાવન અવતરણની યાદગીરીરૂપે શ્રી નૃસિંહ જયંતિની ભવ્ય ઉજવણી કરવામાં આવી. ભક્તોએ આ દિવસે સાંજ સુધી ઉપવાસ રાખેલ હતો. ભક્ત પ્રહલાદને તેના રાક્ષસી પિતા હિરણ્યકશ્યપુ સામે રક્ષણ આપવા સર્વશક્તિમાન ભગવાન શ્રીકૃષ્ણએ ભગવાન નૃસિંહ દેવરૂપે અવતર્યા હતા કે જેઓ અર્ધ સિંહ અને અર્ધ માનવના રૂપમાં હતા.

હરે કૃષ્ણ મંદિર,ભાડજ ખાતે નૃસિંહ જયંતિની ઉજવણીની શરૂઆત સાંજે શ્રી નૃસિંહ યજ્ઞથી થઈ હતી. ત્યારબાદ ભગવાનશ્રી લક્ષ્મીનૃસિંહ દેવને વિવિધ પદાર્થો જેવાકે દૂધ, દહીં, ઘી, મધ, ગોળનું પાણી, ફળોના રસ, અને ૭ પવિત્ર નદીઓમાંથી એકત્ર કરેલ જળના ૧૦૮ કળશ દ્વારા ભવ્ય અભિષેક કરવામાં આવ્યો હતો. અભિષેક વિધિ દરમ્યાન વિશેષ નૃસિંહ આરતી ગાઈને ખાસ આરતી કરવામાં આવી હતી. ઉત્સવના અંત ભાગમાં ભગવાન શ્રી શ્રી લક્ષ્મીનૃસિંહ દેવની ભવ્ય મહામંગલા આરતી અને પાલકી ઉત્સવની ઉજવણી કરવામાં હતી.

# 'કડક' શબ્દોમાં નબળી વાત કરતા સરળ શબ્દોમાં 'મજબૂત' વાત વધુ અસર ઉભી કરે







એક કંપનીના ખૂબ મોટા અધિકારીની વાત છે. તેમની કંપનીના વાર્ષિક હિસાબમેળમાં ગયા વર્ષ કરતાં આ વર્ષે કંપનીનું સેલ ઘણું ઓછું જણાયું. આ અધિકારીએ એમના વરિષ્ઠ અધિકારીઓની ટીમને બોલાવી. તુલનાત્મક વિગતો સાથે અધિકારીઓને કહ્યું, 'આપણી ટીમના બે મિત્રોને ગયા વર્ષે સામાજિક તકલીફો હતી. એના કારણે કંપનીનું સેલ સાઈઝેબલ ઘટ્યું હોવાનું જણાય છે. પણ વાંધો નહીં તમારા જેવા બાહોશ અને તજજ્ઞોની ટીમ આપણી પાસે છે. આપણે સાથે મળીને ગયા વર્ષની ઘટ સાથે આ વર્ષે વધુ સારું પરફોર્મન્સ કરીશું. લક્ષ્યાંક તમે સૌ જાતે જ નક્કી કરી લો. આપણે આવતી કાલે નવા લક્ષ્યાંક સંદર્ભે માટે ચર્ચા કરીશું. આ વાતની સાથી અધિકારીઓના માનસપટ ઉપર ઈન્જેકશન જેવી અસર થઈ. બીજા દિવસે બધા જ અધિકારીઓ આખા વર્ષની કામગીરીનુ મજબૂત કાર્યઆયોજન લઈને બેઠકમાં આવ્યા. છેલ્લા પાંચ વર્ષમાં થયેલા કુલ સેલના આંકડાઓ કરતાં પણ વધુ સેલનો ફુલપ્રુફ પ્લાન તૈયાર થયો હતો.

આ આખી ઘટના રિચર્ડ ડેવોસની 'ટેન પાવરફુલ ફેઝીસ ફોર પોઝીટીવ પીપલ' પુસ્તકની યાદ અપાવે છે. અધિકારીએ તેના સાથીઓને વિશ્વાસ આપ્યો કે, આ વખતે ભલે આપણો દેખાવ નબળો થયો છે, પણ આગામી સમયમાં આપણે બમણાં વેગથી કાર્ય કરીશું. રેકોર્ડ બ્રેક કામગીરી કરી બતાવીશું. આ કામ તમે જ કરી શકો અને તમારી શક્તિઓ અદભુત છે. મને તમારા સૌની તાકાત ઉપર ભરોસો છે. સાથીઓનો વિશ્વાસ બેવડાય જ. આ વાતના પાયામાં વાતચીતની કલાની તાકાત છે.

એકવાર જંગલમાં હરણના બે નાના બચ્ચા રમતા રમતા ખાડામાં પડી ગયા. ખાડામાંથી બહાર આવવા બન્ને બચ્ચા ખૂબ કૂદકા મારવા લાગ્યા. થાકીને એક બચ્ચું ખૂણામાં બેસી ગયું. બીજા બચ્ચાએ કૂદકા મારી પ્રયાસ ચાલુ રાખ્યો. ઉપર કેટલાક બીજા હરણ ઊભા હતા અને પ્રયાસ કરી રહેલા બચ્ચાને હસતા હસતા બૂમો પાડી કહેતા હતા 'મહેનત કરવાનું રહેવા દે કોઈ ફાયદો નથી. તું બહાર નહીં આવી શકે...' પણ આ બચ્ચું તો મહેનત કરી કૂદકા મારતું રહ્યું અને અંતે છલાંગ મારી બહાર આવી ગયું. આટલા ઊંડા ખાડામાં પડેલા બચ્ચાને બહારથી નાસીપાસ કરાતા વેણ હોવા છતાં બહાર નીકળવામાં કેમ સફળતા મળી ? તપાસ કરતાં ખ્યાલ આવ્યો કે આ હરણનું બચ્ચું બહેરું હતું. બહારથી કરાતી હાંસી અને તું નહીં નીકળી શકે એવા નકારાત્મક સિગ્નલોની એને ખબર જ નહોતી પડતી અને આ બહેરું બચ્ચું એમ સમજતું હતું, 'બક અપ, યસ, યુ કેન ડુ ઈટ...' અને એ અંતે છલાંગ મારી સફળ થઈ ગયું. જ્યારે જે બચ્ચું સાંભળી શકતું હતું તે હતાશ-નિરાશ થઈ બેસી રહ્યું અને નિષ્ફળ ગયું. આ સિંબોલિક કથાનો સૂર એટલો છે કે, દુનિયાની હતોત્સાહ થઈ જવાય એવી વાતો એક કાનેથી સાંભળીને બીજા કાનેથી કાઢી નાખવી.

શક્ય બને ત્યાં સુધી બીજાના તન-મનમાં ઉત્સાહ અને જોમ પુરાય એવા પ્રકારની વાત અને વાતાવરણ નિર્માણ કરવાની સાચી કળા છે. મોટા ભાગે લોકો પોતાની ભુલને સત્ય પૂરવાર કરવા જ મથામણ કરતા હોય છે. આ માટે અનેક તાણવાણા ગુંથીને પોતાની વાત મનાવવી પડે છે. પણ ભુલનો સ્વીકાર માત્ર આખી વાતનું સ્વરૂપ બદલી નાખે છે. 'ઈટ્સ માય મિસ્ટેક' કહેવા માત્રથી માહોલ બદલાઈ જાય છે. વાતાવરણ હકારાત્મક બની જાય છે. 'મારી ભુલ છે' એમ કહેવું શરૂ શરૂમાં આકરું અને વરવું લાગે. પણ એક વાર ભુલનો સ્વીકાર નવા અનેક માર્ગો ખોલી આપે છે. સફળતાનો માર્ગ વધુ આસાન બનતો જાય છે.

ક્યારેક પૃથ્થકરણ કરી જોવું જોઈએ. 'આઈ એમ સોરી, ઈટ્સ માર મિસ્ટેક' કહેવાથી કેટલો બધો ફરક પડી જતો હોય છે. કેટલીક વાર 'સોરી' શબ્દ સુરજના પહેલા પહેલા કિરણો જેવું હુંફાળું અને મઝાનું વાતાવરણ ખડુ કરી દેતુ હોય છે. એક વાત બહુ સ્પષ્ટ છે કે, આપણા બોલેલા શબ્દો સામેવાળી વ્યક્તિનું જીવન બહેતર બનાવી શકે છે અને બદતર પણ બનાવી શકે છે. જ્યારે પણ એમ લાગે કે સામેવાળી વ્યક્તિ તમારી હિંમત તોડી-મરોડી રહ્યા છે તો એ વાતને માત્ર પસાર થવા દો. એને તમારા કાનના માર્ગે થઈને મનમાં 'સ્ટોપેજ' ન આપો. બીજાની 'ડિસ્કરેજીયસ' વાતોને તમારા સપના રોળવાનો કોઈ અધિકાર ન આપો. આવા લોકોની વાતો થાય ત્યારે પેલા બહેરા હરણની માફક 'બહેરા' બની જવામાં નજા છે. આમ કરવાથી 'ડિસ્કરેજ' વાત 'એન્કરેજ' વાત બની જશે.

જ્યારે સામેની વ્યક્તિના કાર્યમાં વિશ્વાસ વ્યક્ત કરવામાં આવે અને કહેવામાં આવે કે, 'યસ યુ કેન ડુ ઈટ' ત્યારે આ શબ્દો એના જીવનમાં નવો પ્રાણ ફૂંકે છે. યાદ કરો 'તારે ઝમી પર' ફિલ્મના 'ઢ' લાગતા બાળકને. 'તારામાં અદભૂત શક્તિ છે' એવો વિશ્વાસ આપતા શિક્ષકને. જેનું મન વારંવાર ડગમગી જતું હોય એની માટે 'યુ કેન ડુ ઈટ' શબ્દો હજારો હોર્સપાવરની તાકાત સમાન પૂરવાર થતા હોય છે. 'આઈ બિલીવ ઈન યુ' શબ્દ જાનદાર અને શાનદાર છે. ઓછા માર્ક લાવેલા બાળકને કોસવા કરતા માર્ક જ સફળતાની પારાશીશી નથી, અભ્યાસ અને શિક્ષણ અગત્યનું છે. તે સરસ લીધું છે. એમ કહેવાથી એ બાળક ભવિષ્યમાં સારો દેખાવ કરી શકે છે. પણ 'તું ક્યારેય આગળ ન આવી શકે આટલા ઓછાં માર્ક લાવ્યો છે...' વગેરે વગેરે શબ્દો એને ક્યારેય ભવિષ્યમાં આગળ નહીં જ આવવા દે.

'એસી બાત બોલીએ, મન કા આપા ખોય, ઔરન કો શીતલ કરે, આપહિ શિતલ હોય...' કેટલી અદભુત વાત કબીરજીએ બે લીટીમાં કરી છે. જે વ્યકિત કુશળતાપૂર્વક બોલવાની અને બીજાની વાત સમજવાની કળા જાણે છે એ હંમેશા ભીડમાં પોતાની અલગ પહેચાન ઊભી કરતો હોય છે. જાણીતા પ્રખર વકતા માન કારનેજી કહે છે કે, સફળ અને અસફળ વ્યકિત વચ્ચેનો ફરક પ્રભાવી વાતચીત કલાની ક્ષમતા જ છે. આપણું મૂલ્યાંકન સામાન્ય રીતે ચાર રીતે થતું હોય છે એક તો આપણે શું કરીએ છીએ, બીજું આપણે કેવા દેખાઈએ છીએ, ત્રીજું આપણે શું કહીએ છીએ અને ચોથું આપણે કેવી રીતે વાત કરીએ છીએ. ચોથી વાત સૌથી અગત્યની છે. આપણે કેવી રીતે વાત કહીએ છીએ એના ઉપર આપણી અને સામેવાળાની સફળતા નિર્ભર થતી હોય છે. કડક શબ્દોમાં નબળી વાત કરતા મજબૂત વાત સરળ અને નરમ શબ્દોમાં રજૂ થાય ત્યારે એ સૌથી વધુ અસરકારક બની જતી હોય છે.

ધબકાર :

હઠોને સબ બાત છુપા કે રખ્ખી, આંખો કો યે હુનર આયા હી નહીં.